ડાયરેક્ટ સે

તકલીફ
ખુદ હી
કમ હો ગઈ
જબ
અપનોં સે
ઉમ્મીદ કમ હો ગઈ
- ચિનુ મોદી

જન્મદિને વધામણી

તેજસ ગામીત
પ્રકૃતિ યુવા સંગઠન ટ્રસ્ટ
મો. ૭૮૭૪૦ ૦૮૭૮૮

માનવ દિપકકુમાર પ્રજાપતિ

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય.
- સંપાદક

અમદાવાદના આંગણે યુનિફાઇડ સ્પૉર્ટ્સ

દુનિયામાં રમાતી યુનિફાઇડ સ્પૉર્ટ્સ હવે આપણે ત્યાં પણ સ્થાન લેવા માંડી છે. યુનિફાઇડ સ્પૉર્ટ્સ એટલે વિશિષ્ટ અને સામાન્ય એમ બંને પ્રકારના ખેલાડીઓ ભેગા થઈને રમત રમે. રમતમાં સ્પર્ધક બે ટીમ હોય તો બંને ટીમમાં સરખે હિસ્સે વિશિષ્ટ અને સામાન્ય એમ બંને પ્રકારના ખેલાડીઓ હોય. આ પ્રકારે રમત રમવાનો સૌથી મોટા બે ફાયદા છે. પહેલો ફાયદો એ કે આનાથી વિશિષ્ટ વ્યક્તિઓના આત્મવિશ્વાસમાં ન ધારેલો વધારો કરી શકાય છે અને બીજો સૌથી મોટો ફાયદો એ કે આનાથી વિશિષ્ટ અને સામાન્ય વ્યક્તિઓ વચ્ચેનું અંતર ઓછું કરી શકાય છે. સ્પેશિયલ ઑલિમ્પિક્સ, ગુજરાત અને અમદાવાદના ઔદ્યોગિક એકમ ક્યુએક્સ લિમિટેડ દ્વારા તાજેતરમાં આવી યુનિફાઇડ સ્પોર્ટ્સનું આયોજન કરવામાં આવ્યું હતું. ક્યુએક્સ લિમિટેડનો સ્ટાફ ઉત્સાહપૂર્વક આ નવી શરૂઆતમાં જોડાયો હતો અને ગાંધીનગર-અમદાવાદનાં ૪૦ જેટલાં વિશિષ્ટ બાળકો સાથે ક્રિકેટ અને બોસીની રમત રમીને તેણે પોતાની સામાજિક સંવેદનશીલતાનો સુપેરે પરચો આપ્યો હતો. આ પ્રસંગે ક્યુએક્સ લિમિટેડના ક્રિસ્ટ રૉબિન્સન અને સ્પેશિયલ ઑલિમ્પિક્સ, ભારતના વાઇસ પ્રેસિડેન્ટ ડૉ. ડી જી ચૌધરીએ ઉપસ્થિત રહી વિશિષ્ટ-સામાન્ય ખેલાડીઓને પ્રોત્સાહિત કર્યા હતા. સ્પેશિયલ ઑલિમ્પિક્સ, ગુજરાતના જિજ્ઞેશ રાવલ અને મુકેશ ગોસ્વામીએ સમગ્ર ઉપક્રમનું આયોજન, સંચાલન કર્યું હતું.

શ્રી ગજાનન સેવા સમિતિ દ્વારા શામળાજી વિસ્તારમાં સેવાકાર્ય : નિરાધાર વૃધ્ધોને અનાજની કિટ અપાઈ

ગાંધીનગર, તા. ૨૧

નગરની સેવા સંસ્થા ગજાનન સેવા સમિતિ દ્વારા દૂરના અંતરિયાળ ગ્રામ વિસ્તારોમાં ઘણા સમયથી સેવા કરવામાં આવી રહી છે, જેનો લાભ વધુને વધુ લોકો પ્રાપ્ત કરી રહ્યા છે. નિરાધાર વૃધ્ધોને નિયમિત અનાજ ઉપરાંત સગર્ભા સ્ત્રીઓના નિયમિત મેડિકલ ચેક-અપ જેવાં અનોખાં કાર્યો આ સંસ્થા દ્વારા કરવામાં આવી રહ્યાં છે. એ ઉપરાંત અંતરિયાળ ગરીબ વિસ્તારની શાળાઓમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને પેન, નોટબૂક જેવી અભ્યાસમાં ઉપયોગી વસ્તુઓનું વિતરણ પણ સંસ્થા દ્વારા કરવામાં આવે છે. આવાં જ બે સેવાકાર્યો તાજેતરમાં સંસ્થા દ્વારા હાથ ધરવામાં આવ્યાં હતાં.

શ્રી ગજાનન સેવા સમિતિ દ્વારા શામળાજી વિસ્તારમાં ગોઢ તથા સદ્રાલ ગામે ૧૨૧ નિરાધાર વૃધ્ધોને ૩ કિગ્રા ચોખા, બિસ્કીટ, ઝીન્ક ટોનિકનું વિતરણ કરવામાં આવ્યું હતું. ૯ જેટલાં ગામોના લાભાર્થીઓ આ લાભથી લાભાન્વિત થયા હતા.

આ ઉપરાંત ત્રેપન છાપરા, કુસ્કી છાપરામાં તમામ વ્યક્તિઓને હોળી નિમિત્તે નવાં વસ્ત્રો પણ આપવામાં આવ્યાં હતાં. ભેટાલી માધ્યમિક તથા એ પી ઠાકર સ્કૂલમાં વિદ્યાર્થીઓને બોલપેન ભેટમાં આપવામાં આવી હતી અને ત્રણ પ્રાથમિક શાળામાં પેન્સિલ, બિસ્કીટ, નાસ્તો પણ આપવામાં આવ્યો હતો.

સંસ્થા દ્વારા ભેટાલી પ્રાથમિક શાળાને ૮૦ ગુજરાતી પુસ્તકો ભેટ આપવામાં આવ્યાં હતાં. ભગુભાઈ પટેલ, નટુભાઈ પટેલ, કટારાભાઈ, મિલિન્દભાઈ ગુપ્તે સંસ્થા વતી આ સેવાકાર્યોમાં જોડાયા હતા.

ફુટફુલ લાઈફ ગ્રુપ દ્વારા ક્રિષ્ના વૃધ્ધાશ્રમના વડિલો માટે એક સાંસ્કૃતિ કાર્યક્રમ

ગાંધીનગર, તા. ૨૧

ફુટફુલ લાઈફ ગ્રુપ દ્વારા ક્રિષ્ના વૃધ્ધાશ્રમના વડિલો માટે એક સાંસ્કૃતિ કાર્યક્રમ કરવામાં આવેલ હતુ જેમા જુના ગીતો પર સંગીત કાર્યક્રમ તથા નાના બાળકોના નૃત્ય નાહાળી ને વૃધ્ધાશ્રમના વડિલો ખુશ-ખુશાલ થઈ ગાયા હતા, તા.૧૯/૦૩/૨૦૧૭ ગાંધીનગર શહેરમાં ફુટફુલ લાઈફ ગ્રુપ, દ્વારા નાના બાળકો, વૃધ્ધો અને પ્રાણિયો માટે કામ કરતા ફુટ ફુલ ગ્રુપ છે જેમા સંચાલક શિવાલી ભટ્ટ અને તેની યુવા ટીમ દ્વારા તાજેતરમાં સેકટર-૧૨ આંબેડકર હોલ ખાતે સેકટર-૬ માં આવેલ ક્રિષ્ના વૃધ્ધાશ્રમના વડિલો ના ચહેર પર સ્મિત રેલાય તેના માટે નાનો પ્રયાસ હાથ ધરાયો હતો. જેમાં વિજય સાગરના "ગિટાર ગન્સ યુવા ગ્રુપ " તુષાર પારીખ અને હુસૈન પટેલનુ "સ્નેકસ લવરસ યુવા ગ્રુપ અને પૂજન ડાન્સ એકેડમીના નાના ભુલકાઓયે પ્રંશસનિય કામગીરી ભજવી. કાર્યક્રમ નો આંનદ લેવા શહેરના મોટા ભાગના વડિલો હાજર રહ્યા. ક્રિષ્ના વૃધ્ધાશ્રમના વડિલો સંગીત અને નૃત્ય કાર્યક્રમનુ આયોજન કરવામાં આવ્યુ હતુ. નાના બાળકો અને યુવાનો એ તાલિના ગળગળટ સાથે વૃધ્ધાશ્રમના વડિલો સ્વાગત કરાયુ હતુ ત્યારબાદ કાર્યક્રમની શરૂઆત દીપ પ્રાગટય અને ગણેશવંદના નિ સુંદર પ્રસ્તુતિથી થયો હતો. ગિટાર ગન્સ યુવા ગ્રુપના જુના ફિલ્મી ગીતો પરના સંગીત આપીને અને નાના ભુલકાઓના ડાન્સ અદ્‌ભૂત રાધા ક્રિષ્ના ગીતો પર ના નૃત્યથી વડિલોને તેમના યુવાની અને બાળપણ ને સમભારણા થઈ આવ્યા હતા, ગિટાર ગન્સ યુવા ગ્રુપ દ્વારા ગવાયેલ "મેરે સપનો કિ રાની કબ આયેગી તુ " પર વૃધ્ધો જુમી ઉઠ્યા હતા. કાર્યક્રમના અંતમાં તુષાર પરીખ અને હુસૈન પટેલ એ પ્રાણી અને વૃક્ષો માટે સમય ફાળવી અને પ્રયાવરણ ને બચાવાની પહેલ કરવામાં આવી હતી આ કાર્યક્રમમાં વડિલો અને તેમનુ સ્મિત કેળા હતા કાર્યક્રમના અને જલારામ ખાઠિયાવાડી રેસ્ટોરંટ, કુડાસણ દ્વારા વડિલો અને બાળકોને આઈસક્રિમ અને નાસ્તો આપવામાં આવ્યો હતો. બધા વડિલોએ ફુટફુલ લાઈફ ગ્રુપ અને તેનિ યુવા ટીમ નો આભાર માન્યો હતો.

ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમી આયોજિત

ગુજરાત રાજ્ય એકાંકી નાટ્ય સ્પર્ધાનો આણંદ શહેરના ટાઉનહૉલ ખાતે પ્રારંભ

૨૨ નાટકો પૈકી ગાંધીનગર શહેરનાં નાટકોની સંખ્યા સૌથી વધુ

ગાંધીનગર, તા. ૨૧

ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમી, ગાંધીનગર આયોજિત ગુજરાત રાજ્ય એકાંકી નાટ્ય સ્પર્ધા-૨૦૧૭નો આજથી આણંદ ટાઉનહૉલ ખાતે આરંભ થયો છે. નાટકોના આ મહાકુંભમાં ૨૨ જેટલાં એકાંકી નાટકોનું મંચન થઈ રહ્યું છે.

ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમીના અધ્યક્ષ પંકજ ભટ્ટ અને સભ્ય સચિવ જે આર નાયકે આ અંગેની માહિતી આપતાં જમાવ્યું છે કે સુરમિલન ઉન્નતિ ટ્રસ્ટ, વલ્લભ વિદ્યાનગર, સુરવિહા સંગીત નાટ્ય મંડળ, ખંભોળજ અને ભારતી કોમ્યુનિકેશન, અમદાવાદના સહયોગથી ગુજરાત રાજ્ય એકાંકી નાટ્ય સ્પર્ધાનું આયોજન તા. ૨૧થી ૨૪ માર્ચ દરમિયાન ધીરજલાલ જે શાહ ટાઉનહૉલ, આણંદ ખાતે કરવામાં આવ્યું છે.

સ્પર્ધા અંતર્ગત પાંચ દિવસમાં ૨૨ નાટકોનું મંચન થઈ રહ્યું છે, જેમાં સૌથી વધુ નાટકો ગાંધીનગર શહેરનાં છે. આ ઉપરાંત ભાવનગર, સુરત, જામનગર, અમદાવાદ, રાજકોટ અને સાબરકાંઠાનાં નાટકો પણ આ સ્પર્ધામાં ભજવાઈ રહ્યાં છે.

ગાંધીનગર શહેરનાં નાટકો પૈકી આજે કુમકુમ કલા ગ્રુપ, ગાંધીનગર નિર્મિત નાટક 'જંતરવાળો જુવાન' અને મુક્તાગૌરી ચૅરીટેબલ ટ્રસ્ટનું નાટક જાલકા ભજવાયું હતું.

તા. ૨૨ ને બુધવારના રોજ ગાંધીનગરનાં ત્રણ નાટકો આ સ્પર્ધામાં ભજવાઈ રહ્યાં છે : આદિલ સૈયદ ગ્રુપનું યક્ષ પ્રશ્ન, પંચમ થિયેટર્સ નિર્મિત, કુંતલ નિમાવત લિખિત અને પ્રતિક્ષા નિમાવત દિગ્દર્શિત 'એક ગરવો માણસ' તથા ધ ગ્રેટ ઍન્ટરટેઇનર્સ ક્લબ (જી ઈ ક્લબ) નિર્મિત અને કુંતલ નિમાવત લિખિત-દિગ્દર્શિત નાટક 'અંતરે અનંત એકાંત.' એક ગરવો માણસમાં કુ. દૃષ્ટિ ખત્રી, હાર્દિકા શુક્લ, પ્રીતિ મહેતા અને પ્રતિક્ષા નિમાવત તથા અંતરે અનંત એકાંતમાં ક્રિષ્ના જોષી, ફાલ્ગુન નંદા અને દિવ્યકાન્ત વર્મા અભિનય આપી રહ્યાં છે. લાઇટ સંચાલન મયુર ભાટિયા, સંગીત સંચાલન મૌન સાધુ તથા નેપથ્યની જવાબદારી પંચમ નિમાવત, જિજ્ઞેશ રાવલ અને મયંક ભટ્ટ સંભાળી રહ્યા છે.

તા. ૨૪ ને શુક્રવારના રોજ ગાંધીનગરના સુજાન ગઢવી ગ્રુપનું નાટક થોડું તો રીસાવા દે આ સ્પર્ધામાં પ્રસ્તુત થશે.

ગુજરાતનાં ગૌરવરૂપ ખેલાડીનું શાળા દ્વારા સન્માન કરાયું

ગાંધીનગર, તા. ૨૧

વોસ્વો, પૉલેન્ડ ખાતે ૨૩થી ૨૭ માર્ચ દરમિયાન યોજાઈ રહેલી ૪૦મી ઈન્ટરનેશનલ ચિલ્ડ્રન ફૅન્સિંગ માટે પ્રેરણા વિદ્યાલય, ગાંધીનગરની વિદ્યાર્થીની પાર્વતી ઠાકોર પસંદગી પામી છે. રાજ્યભરમાંથી આ ટુર્નામેન્ટ માટે પસંદગી પામનાર તે એકમાત્ર ખેલાડી છે. આ ગરવી ખેલાડીને વિદ્યાલયના ટ્રસ્ટી પ્રદીપસિંહ બિહોલા અને આચાર્ય મનિષભાઈ ખત્રીના હસ્તે પ્રમાણપત્ર આપી પ્રોત્સાહિત કરવામાં આવી હતી તથા તેની પ્રગતિ માટે શાળા પરિવાર વતી આશીર્વાદ પાઠવવામાં આવ્યા હતા.

વ્યક્તિએ ગુમાવી દીધેલાં સન્માન અને ગૌરવ પરત મળ્યાનો અહેસાસ

(ગતાંકથી ચાલુ)

એક નાના શહેરમાં એક લગ્ન પ્રસંગમાં જેમની દીકરીના લગ્ન હતાં તે યજમાને મારી એક વ્યક્તિ સાથે ઓળખાણ કરાવી. એ વ્યક્તિ એક સમયમાં ચેમ્બર ઓફ કોમર્સના પ્રેસિડન્ટ હતાં, શહેરમાં ચાલતી કેટલીક આંતર રાષ્ટ્રીય કલબ ના પણ હોદેદાર રહું ચૂક્યા હતાં, અનેક સામાજીક સંસ્થાઓને પણ એક જવાબદાર હોદેદાર તરીકે સેવાઓ આપી ચૂક્યા હતાં. છેલ્લા પાચ-સાત વર્ષથી વિધાતાએ એવા પાસા પલટયા કે એ વ્યક્તિ પૈસેટકે તૂટી ગઈ એટલે સામાજિક રીતે પણ એકદમ ભાંગી પડી. અધુરામાં પૂરું તેને જડબાનું કેન્સર થયું એટલે તેની શસ્ત્રક્રીયા કરવી એટલે ચહનો દેખાવ પણ કદરૂપો થઈ ગયો હતો.

યજમાન ના કહેવા મુજબ એ વ્યક્તિની પરિસ્થિતી બગડયા પછી શહેરમાં કોઈપણ લોકો એ વ્યક્તિને કોઈ જ પ્રસંગે આમંત્રણ નથી આપતાં. તાજમાં પોતે એ વ્યક્તિને ઘેર ખુદ આમંત્રણ આપવા ગયા, પ્રસન માં પધારવા માટે ખૂબ આગ્રહ કર્યો, પ્રસંગ માં એ વ્યક્તિ આવી ત્યારે યોગ્ય માન-સન્માન આપ્યું. એ વ્યક્તિ સાથે મે પણ થોડી વાતચીત કરી તો એ વ્યક્તિની લાગણી અને પ્રતીભાવ જાણી શક્યો. એ વ્યક્તિ ખૂબ જ આનંદિત થઈ, ભાવવિભોર થઈ ગઈ હતી અને યજમાનના પ્રસંગમાં આવ્યા બદલ પોતે ગૌરવની લાગણી અનુભવતી હતી.

વાત છે આવી પરિસ્થિતિમાં મુકાયેલી વ્યક્તિના આત્મા ગૌરવ અને માન -સન્માન પાછા આપવાની. રાજકુમારીજી જેવી પરિસ્થિતિમાં મુકાયેલી વ્યક્તિ પાસે માત્ર તેના ગૌરવભર્યા ભૂતકાળની ગાથા કરવાથી કે તેણે ભોગવેલા જાહોજલાલીભર્યા સુવર્ણકાળનાં સ્મરણો વાગોળવાથી તેની જરૂરિયાતો સંતોષી શકાય નહીં અને તેનું સન્માન કે સ્વમાન જાળવી શકાય નહીં. નૌશાદજીની જેમ એવી વ્યક્તિની જરૂરિયાતો વિષે જાણીએ, એ જરૂરિયાતો પૂરી કરવા માટે સન્નિષ્ઠ પ્રયત્નો કરીએ તો અને તો જ આપણે એ વ્યક્તિને ઉપયોગી સાબિત થઈ શકીએ

આ પ્રકારની હાલતનો શિકાર બનનાર વ્યક્તિ માટે આપણે શું કરી શકીએ? આપણે તેને ગુમાવી દીધેલાં આત્મા ગૌરવ અને માન-સન્માન કેવી રીતે પાછા આપી શકીએ?

એવી વ્યક્તિને માત્ર પૈસાની કે જીવન નિર્વાહની જ જરૂરિયાત હોય એવું નથી. ક્યારેક તેને આપણાં અમૂલ્ય સમયની જ માત્ર જરૂરિયાત હોય છે. બસ એ વ્યક્તિ સાથે બેસીને, બે વાતો કરીને આનંદ કરીએ અને કરાવીએ. ક્યારેક આપણે તેના બે-ચાર અંગત કાર્યો કરી દઈએ એ જ તેમના માટે પૂરતું હોય છે. પ્રસંગોપાત તેના સ્ટેટસ ને શોભે એવી એકાદ-બે ભેટ સોગાદો

vamlani@yahoo.co.uk

તેમને અર્પણ કરીએ તો તેના માટે એ બહુ મોટા ગૌરવની વાત બની શકે છે. ક્યારેક માત્ર હૃદયથી માનવીય સ્પર્શ પણ એ વ્યક્તિ માટે સંજીવની જેવુ કામ કરી જતું હોય છે. ક્યારેક એ વ્યક્તિની એવી ઈચ્છા હોય છે કે પોતાની વાત, પોતાની વ્યથા-કથા કોઈ મન અને હૃદયથી સાંભળે, કોઈક તેની વાત ને હોકારો આપે તો પણ તેની માનસિક વેદના હળવી થઈ શકે છે.

ખૂબ જ ખરાબ માનસિક હલાત અને આર્થિક પરિસ્થિતિમાં જીવન વિતાવતી વ્યક્તિને કોઈપણ પ્રકારની સલાહ કે સૂચનની કોઈ જ આવશ્યકતા નથી હોતી. જે એ વ્યક્તિ ને આપણે માત્ર સલાહ સૂચનો જ આપીને આપણે એમને મદદ કરીએ છીએ એવું માનતા હોય તો બહેતર છે કે આપણે એવી વ્યક્તિને એકલી છોડી ને તેનાથી થી દૂર જ રહીએ.

આપણે એ વ્યક્તિ માટે જે કઈ કરીએ તે પૂરી નિષ્ઠાથી કરીએ, સો ટકા પ્રમાણીકતાથી કરીએ અને મન-વચનથી એક થઈ ને કરીએ. આપણે જે કઈ કરીએ એ વાતના સતત ગાણાં ગાતા રહેશું કે એ વાતનો ઢંઢેરો પીટતા રહેશું કે ×મે આ કર્યું અને મે તે કર્યું× તો એ વ્યક્તિનું સ્વમાન અને સન્માન બંને ઘવાશે અને આપણું કર્યું કારવ્યુ બધુ જ ધૂળમાં મળી જશે. જે કઈ કરીએ એ કોઈપણ પ્રકારની અપેક્ષા વિના કરીએ તો જ આપણે કરેલું કાર્ય બંને વ્યક્તિ માટે સાચુકલું સાબિત થઈ શકે, તો જ એ વ્યક્તિ ને પણ સંતોષ થશે અને આપણને પણ કઈક કર્યાનું ગૌરવ થશે.

વ્યક્તિ ને આપણે જે કઈ આપી શકીએ, તેના માટે આપણે જે કઈ કરી શકીએ કે કરીએ, એ તે વ્યક્તિનું પૂરું સન્માન, સ્વમાન અને ગૌરવ જાળવીને જ કરીએ. એ વ્યક્તિ ઉપર કોઈપણ પ્રકારનો દયાભાવ રાખ્યા વિના, કોઈપણ પ્રકારની સહાનુભૂતિ દર્શાવ્યા વિના, એ વ્યક્તિને આપણે દાન આપીએ છીએ કે એ વ્યક્તિ ઉપર આપણે ઉપકાર કરીએ છીએ એવો ભાવ રાખ્યા વિના આપણી ફરજના ભાગ રૂપે અને તે વ્યક્તિને એનો હક્ક પાછો આપીએ છીએ એવા ભાવ સાથે જ કરીએ. આમ કરીશું તો જ એ વ્યક્તિને પોતે ગુમાવી દીધેલાં સન્માન અને ગૌરવ પરત મળ્યાનો એહસાસ થશે.

વ્યક્તિને પોતે ગુમાવી દીધેલું સન્માન અને ગૌરવ જ્યારે પરત આપવાનો પ્રયત્ન કરીએ છીએ ત્યારે માત્ર એ વ્યક્તિને જ નહીં, પણ તેના કુટુંબીજનોને પણ પોતાનાં માન-સન્માન પરત મળ્યા હોય એવી લાગણી થાય છે અને તેઓ પણ ખુશી અને આનંદની લાગણી અનુભવે છે. જે વ્યક્તિ અન્ય વ્યક્તિને ગુમાવી દીધેલાં માન-સન્માન પરત આપે છે તે વ્યક્તિ પણ પોતાને પણ પોતાની જાત નું ગૌરવ થાય છે અને સમાજમાં તેને પણ યોગ્ય માન-સન્માન મળે છે.

પોતે ગુમાવી દીધેલું સન્માન અને ગૌરવ વ્યક્તિને જ્યારે થોડા-ઘણા અંશે પણ પરત મળે છે ત્યારે તે વ્યક્તિ આળસ મરડી ને ઊભી થઈ શકે છે અને એ વ્યક્તિ ફરી પછી ચેતનવંતી બને છે. જે વ્યક્તિ દ્વારા તેને પોતાનું ગુમાવેલું ગૌરવ પાછું મળે છે તેના પ્રત્યે તેનો અહોભાવ પ્રગટ કરે છે અને તેની સાથેના તેના સંબંધો પણ પ્રગાઢ બને છે. આવું થાય છે એ ક્ષણે બંનેની ચેતના ઝળહળા થાય છે. બંને એ ક્ષણે અનર્ગલ આનંદ અનુભવે છે. બંનેને એકબીજામાં દિવ્યતાના દર્શન થાય છે.

વાચકોને આમંત્રણ

સંવેદના વિભાગમાં સ્વાનુભવો લખવા

લેખકો, વાચકોનું પ્રિય અને ગાંધીનગરનું પ્રથમ દૈનિક સમાચારપત્ર 'ગાંધીનગર સમાચાર' લખવા માગતા વાચકો માટે સંવેદના વિભાગ શરૂ કરી ચૂક્યું છે અને આ માટે લખવા સૌને આમંત્રણ આપે છે. આ વિભાગ અંતર્ગત દર માસે અલગ-અલગ વિષયો આપવામાં આવે છે, જે માટે વાચકોએ લખાણ મોકલવાનું હોય છે. વિભાગ દર સોમવારે પ્રકાશિત કરવામાં આવે છે. કોઈપણ વાચક આ લખાણ મોકલી શકે છે, જે તેના નામ સાથે પ્રકાશિત કરાશે. હા, લખાણની લંબાઈ અને એડિટિંગનો અધિકાર અખબાર અબાધિત રાખે છે. વાચકોને વિનંતી છે કે શબ્દોની મર્યાદા ૧૫૦ સુધી રાખવામાં આવે. આ વખતનો વિષય છે :

'મારું માયાળુ મોસાળ'